## <u>આંક–૧ નીચે હુકમ</u>

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ અડચણરૂપ રીતે લારી/વસ્તુઓ રાખેલ હોવાનો આ ફરીયાદ મુજબનો આક્ષેપ છે.
2. જે અન્વયે આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે.
3. આરોપી ગુનો કબુલ કરતા હોય, આરોપીની આર્થિક તેમજ સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નં.૭૦૯ વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે, જે સિધ્ધાંતને ધ્યાને રાખીને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–: આખરી હુ ક મ:–</u>

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–252 અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી જી.પી.એકટની કલમ–૧૦૨, ૧૧૭ મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા), જો આરોપી દંડ ન ભરે તો કોર્ટ ઉઠતા સુધીની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી આજરોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૯–૧૨–૨૦૨૩
મુ.અમદાવાદ.

(ડી.એમ. બાવીશી)
પાંચમા એડી.જયુડી. મેજી.ફ.ક.
અમદાવાદ(રૂરલ), નવરંગપુરા.
યુ.આઈ.સી.નં. જી જે૦૧૩૮૦

(જી.એસ. મકવાણા)